# Greenlawns High School

MUMBAI - 400036

**For the Terminal Examination Year 2026-27**

**Std: VI** **Sub: Gujarati 2 Lang** **Marks: 80**

સૂચના: દરેક પ્રશ્નના ઉત્તર લખવા જરૂરી છે.

પ્રશ્ન 1. નીચે આપેલા વિષય માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૦)

૧) વૃક્ષ
૨) એક સાંજ દરિયા કિનારે
૩) રક્ષાબંધન

પ્રશ્ન ૨. નીચે આપેલા પત્ર માં થી કોઈ પણ એક પત્ર લખો. (૮)

૧) તમારા ભાઈને તમારા ઘરે આવવા આમંત્રણ આપતો પત્ર લખો.
૨) તમે કરેલા પ્રવાસના વિષે માહિતી આપતો પત્ર મિત્ર / સગા ને લખો

પ્રશ્ન ૩. નીચે આપેલો ગદ્યખંડ વાંચી તમારા શબ્દોમાં જવાબ લાખો. (૧૦)

ભારતમાં ઘણી બધી ભાષાઓ બોલનારા અને ઘણા બધા ધર્મોને માનનારા લોકો રહે છે, પરંતુ તેમની વચ્ચે પરસ્પર ભાઈચારાનો વ્યવહાર છે. દરેક સમુદાયના પોતાના આગવા લોકનૃત્ય અને લોકગીતો છે. બધા સમુદાયોના લોકોના ખાનપાન અને પહેરવેશમાં પણ તફાવત છે. ભારત એક વિકાસશીલ દેશ છે. અહીં હજારો કારખાનાઓ આવેલા છે. અહીં ખૂબ મોટી સંખ્યામાં વાહનવ્યવહારના આધુનિક સાધનો અને વિવિધ વ્યવસાયો છે. સમગ્ર વિશ્વ સાથે ભારતનો વ્યવહાર મિત્રતાપૂર્ણ છે. ભારતીયો હળીમળીને રહે છે અને દરેક વ્યક્તિને આદર આપે છે. આ દેશ શાંતિપ્રિય છે અને પડોશી દેશો સાથે મળીને શાંતિથી રહેવાનો પ્રયત્ન કરે છે. ભારત સરકારની વિદેશ નીતિ પણ આ જ રહી છે કે આપણે પણ શાંતિથી રહીએ અને આપણા પાડોશી પણ શાંતિથી રહે.

પ્રશ્નો :

૧) ભારતમાં કેવા પ્રકારના લોકો રહે છે અને તેમનો પરસ્પર કેવો વ્યવહાર છે?

૨) ભારતને વિકાસશીલ દેશ કેમ કહેવામાં આવ્યો છે?

૩) અલગ-અલગ સમુદાયના લોકોમાં કઈ-કઈ ભિન્નતાઓ (તફાવત) છે?

૪) ભારતીયો કઈ રીતે રહે છે અને પાડોશી દેશો સાથે તેમનો વ્યવહાર કેવો છે?

૫) ભારત સરકારની વિદેશ નીતિ શું રહી છે?

પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.

ક. નીચે આપેલું વાક્ય કયા કાળનું છે તે લખો: ( ૪ )

૧) મેદાનમાં છોકરાં રમતા હતા.
૨) મોના રાજસ્થાનમાં જવાની છે.
૩) મયંક રમકડાંથી રમે છે.
૪) રમેશનો ધંધો હવે ધમધોકાર ચાલશે.

ખ. નીચે આપેલા વાક્યમાંથી સંજ્ઞા (નામ) શોધી પ્રકાર લખો: ( ૪ )

૧) ખેડૂત ખેતરમાં મહેનત કરે છે.
૨) ગુલાબ ખૂબ સુંદર છે.

ગ. શબ્દસમૂહ બદલે એક શબ્દ લખો: ( ૪ )

૧) આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક
૨) આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું સાધન
૩) પોપચા ની કિનારી ઉપરના વાળ
૪) કપાસ ના છોડ નો કોટલા વાળો બીજો કોષ

ઘ. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો. ( ૪ )

૧) કાબુ માં આવવું
૨) છોભીલા પડી જવું
૩) ઠરાવ પાસ કરવો
૪) દોડા દોડ કરવી

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દના અર્થ લખો. ( ૪ )

૧) રસ
૨) અધ્યયન
૩) દીકરો
૪) મનોવૃત્તિપ્ર

પ્રશ્ન ૬. નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો. ( ૪ )

૧) મીઠાઈ
૨) દરમ્યાન
૩) પરિસ્થિતિ
૪) કઠોર

પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારી ફરી લખો. ( ૪ )

૧) ખમમા
૨) છોભીલો
૩) વ્યવ્સ્થીત
૪) કોસીશ

પ્રશ્ન ૮. નીચે આપેલા વિરોધી લખો. ( ૨ )

૧) રુદન
૨) ખીલવું

પ્રશ્ન ૯. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક શબ્દ માં લખો. ( ૫ )

૧) યકીત કોનો પુત્ર હતો?
૨) મા બાળક માટે કેવું ભોજન ત્યાગે છે?
૩) શાળાની ભીંત પર શું લખેલું હતું?
૪) ખાખરાના ઝાડ પર કયું ફૂલ ઊગે છે?
૫) મા બાળક માટે શું ગાય છે?

પ્રશ્ન ૧૦. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો. ( ૫ )

૧) યકીત શું જોવા માંગતો હતો? કઈ રીતે?
૨) માની પાંપણ ક્યારે ભીની થાય છે?
૩) આગ લાગે ત્યારે પહેલા શું બચાવવું?
૪) પાઠમાં આવતા ચાર ફૂલના નામ લખો.
૫) શિક્ષકે ચોથીવાર વિદ્યાર્થીને શું સમજાવ્યું?

પ્રશ્ન ૧૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ પૂરા વાક્યમાં લખો. ( ૧૨ )

૧) ફૂલો ની સભા નો ઠરાવ માનવ જાત ને કઈ રીતે પહોંચાડવા નું નક્કી કર્યું?
૨) આપત્તિ એટલે શું? કોઈ પણ આપત્તિ વિષે લખી તેનો સામનો કઈ રીતે કરશો?
૩) તમે બીમાર પડો તો તમારી મમ્મી તમારી કઈ રીતે સંભાળ લે છે?
૪) અંતે યકીત ને કયું સત્ય સમજાય ગયું? શી રીતે?